**Scheme for Grant of Award to the Good Samaritan**
**યોજનાની અમલવારી બાબત.**

ગુજરાત સરકાર
બંદરો અને વાહન વ્યવહાર વિભાગ
ઠરાવ ક્રમાંક:એમવીડી/૧૦૨૦૨૨/૨003/ખ
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૨/૧૧/૨૦૨૨

**<u>વંચાણે લીધા:-</u>**

(૧) MoRTH, Govt. of India letter No.RT 25035/27/2021-RS(195777), તા.03/૧૦/૨૦૨૧

(૨) બંદરો અને વાહન વ્યવહાર વિભાગનો તા.૧૪/૧૨/૨૦૨૧નો હુકમ ક્રમાંક: એમવીડી/૧૦૨૦૨૧/૨૪૫૦(૧)/ખ

(3) બંદરો અને વાહન વ્યવહાર વિભાગનો તા.૦૯/૦૫/૨૦૨૨નો હુકમ ક્રમાંક:એમવીડી/૧૦૨૦૨૧/૨૪૫૦(૧)/ખ

(૪) MoRTH, Govt. of India letter No.RT 25036/46/2022-RS(210137), તા.૦૧/૦૯/૨૦૨૨

**<u>આમુખ:-</u>**

માર્ગ અકસ્માતોમાં ઈજાગ્રસ્તોના જીવ બચાવી શકાય તે માટે Ministry of Road Transport & Highways (MoRTH), Govt. of India દ્વારા વંચાણે લીધેલા ક્રમાંક (૧) થી જીવલેણ માર્ગ અકસ્માતોમાં ઘવાયેલા વ્યક્તિઓને તુરંત સહાયભૂત થાય અને "ગોલ્ડન અવર" માં હોસ્પિટલ/ટ્રોમા-કેર સેન્ટર માં સારવાર માટે પહોચાડનાર વ્યક્તિને "GOOD SAMARITAN AWARD"એવાર્ડથી સન્માનિત કરવા માટેની ૧૦૦% કેન્દ્રીય પુરસ્કૃત યોજના તા.૧૫/૧૦/૨૦૨૧થી અમલમાં મૂકવામાં આવેલ છે. સચિવશ્રી (ગૃહવિભાગ), ગુજરાત રાજ્ય ગાંધીનગરના અધ્યક્ષપદે આ યોજના હેઠળની સ્ટેટ લેવલ મોનિટરીંગ કમીટીની બેઠક તા.03/૧૦/૨૦૨૨ના રોજ યોજાયેલ હતી. ત્યારબાદ ઉક્ત નવીન યોજનાની સંપૂર્ણ વિગતો માન.મંત્રીશ્રી (વાહન વ્યવહાર)ના અધ્યક્ષ પદે તા.૧૨/૧૦/૨૦૨૨ના રોજ યોજાયેલ ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી અને ગુજરાત સ્ટેટ રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠકોમાં રજુ કરવામાં આવી હતી, ઉપરોકત બેઠકોમાં અનુમોદન મળતાં રાજ્યમાં દરેક જિલ્લામાં Scheme for grant of Award to the Good Samaritan અમલમાં મૂકવાનું આથી ઠરાવવામાં આવે છે.

**ઠરાવ:-**

વંચાણે લીધેલા ક્રમાંક (૧) સામેના પત્રમાં સામેલ યોજના અંગેની ગાઇડલાઇન્સથી Good Samaritan Award એનાયત કરવા માટેના માપદંડો (ક્રાઇટેરિયા) અને પધ્ધતિ નક્કી કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

| | |
|---|---|
| યોજના નું નામ: | " Scheme for Grant of Award to the Good Samaritan" |
| Good Samaritan વ્યાખ્યા: | માર્ગ અકસ્માતો માં ગંભીર રીતે ઘવાયેલા વ્યક્તિઓને ગોલ્ડન અવર માં હોસ્પિટલ/ટ્રોમા-કેર સેન્ટરમાં પહોચાડનાર પરોપકારી/મદદગાર વ્યક્તિ. |
| Golden hour ની વ્યાખ્યા: | ગોલ્ડન અવર એટલે માર્ગ અકસ્માત પછીનો એ તુરંતનો પ્રથમ કલાક છે, જેમાં તાકીદની તબીબી (Emergency Medical)સારવાર જરૂરી છે, જે સમયસર મળવાથી મૃત્યુને મહદ અંશે નિવારી શકાય છે. |
| યોજના હેઠળ Fatal Accident ની વ્યાખ્યા: | આ યોજના હેઠળ જીવલેણ માર્ગ અકસ્માત (Fatal Accident) ની વ્યાખ્યા મુજબ માર્ગ અકસ્માતમાં ઘવાયેલ વ્યક્તિને સારવાર દરમિયાન નીચેની કોઈપણ એક પરિસ્થિતિ ઉભી થાય અને હોસ્પિટલ દ્વારા તે અંગેનુ જીવલેણ અકસ્માતનું પ્રમાણપત્ર આપવામાં આવે તો તે અકસ્માતને ફેટલ એક્સીડેન્ટ કહેવામાં આવશે.<br>(ક) સંકળાયેલ મોટું ઓપરેશન (Major Surgery)<br>(ખ) ઓછામાં ઓછા ત્રણ દિવસ હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેવું.<br>(ગ) મગજને થયેલ ઈજાઓ<br>(ઘ) કરોડરજ્જુને થયેલ ઈજાઓ<br>(ચ) સારવાર દરમિયાન મૃત્યુ |

## ૧. ગુડ સમરિટનને મળવાપાત્ર નાણાકીય સહાય(એવોર્ડ) :

| એવોર્ડ માટે માપદંડ | એવોર્ડની રકમ (રૂ.) |
|---|---|
| એક ગુડ સમરિટન એક અથવા વધુ વ્યક્તિઓના જીવ બચાવે તો | રૂ. ૫૦૦૦/- |
| જો એક કરતાં વધુ ગુડ સમરિટન એક વ્યક્તિનો જીવ બચાવે તો | રૂ. ૫,૦૦૦/- તેમની વચ્ચે સમાન રીતે વહેંચવામાં આવશે |

| | |
|---|---|
| જો એક કરતાં વધુ ગુડ સમરિટન એક કરતાં વધુ વ્યક્તિઓનો જીવ બચાવે તો | મહત્તમ રૂ.૫,૦૦૦/- પ્રતિ ગુડ સમરિટન |
| એક ગુડ સમરિટનને એક વર્ષમાં મળવા પાત્ર પુરસ્કારની રકમ | મહત્તમ પાંચ વખત |

દરેક રોકડ પુરસ્કાર સાથે "પ્રશંસા પ્રમાણપત્ર" આપવાનું રહેશે. ગુડ સમરીટન દ્વારા સ્વૈચ્છિક રીતે આપવામાં આવેલી માહિતીનો ઉપયોગ ફક્ત આ યોજના હેઠળની એવોર્ડ માટેની પ્રક્રિયા માટે કરવામાં આવશે અને અન્ય કોઈ હેતુ માટે કરવામાં આવશે નહીં. પરંતુ ગુડ સમરિટન જેઓ તેમની વિગતો જાહેર કરવા તૈયાર નથી, તેમને આ યોજના હેઠળ એવોર્ડ આપવામાં આવશે નહીં.

## ૨. <u>જિલ્લા સ્તરની Appraisal કમિટીની રચના:</u>

વંચાણે લીધેલ (૩) ના હુકમથી જિલ્લા સ્તરની Appraisal Committee (મૂલ્યાંકન સમિતિ)ની રચના કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

| જિલ્લા સ્તરની Appraisal Committee (મૂલ્યાંકન સમિતિ) | |
|---|---|
| જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી | અધ્યક્ષશ્રી |
| પોલીસ અધિક્ષકશ્રી (SP) | સભ્ય સચિવશ્રી |
| જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી (CDHO) | સભ્યશ્રી |
| સહાયક/પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી (RTO) | સભ્યશ્રી |
| રીજનલ એન્ફોર્સમેન્ટ ઓફિસરશ્રી (REO) ગુજરાત રોડ સેફટી ઓથોરીટી | આમંત્રિત સભ્યશ્રી |

### <u>ગુડ સમરિટનના પસંદગીની પ્રક્રિયા માટે જિલ્લા સ્તરે મૂલ્યાંકન (Appraisal) સમિતિની કામગીરી:</u>

(a) ડોક્ટર પાસેથી વિગતોની ખરાઈ કર્યા પછી પોલીસ સત્તાવાર લેટરપેડ પર, ગુડ સમરિટનનું નામ, તેનો મોબાઈલ નંબર અને સરનામું, સ્થળ, તારીખ અને ઘટનાનો સમય અને કેવી રીતે ગુડ સમરિટન છે તેનો ઉલ્લેખ કરીને જિલ્લા સ્તરની મૂલ્યાંકન સમિતિને આ સાથે નિયત કરેલા નમૂનામાં મોકલી આપશે.

(b) પોલીસ સ્ટેશન તરફથી સંદેશાની પ્રાપ્તિ પર, જિલ્લા મેજીસ્ટ્રેટના અધ્યક્ષપણા હેઠળની જિલ્લા સ્તરની મૂલ્યાંકન સમિતિ માસિક ધોરણે દરખાસ્તોની સમીક્ષા કરશે અને મંજૂર કરશે.

(c) રાજ્યની રોડ સેફ્ટી ઓથોરિટીને આ લિસ્ટ જરૂરી ચુકવણી માટે મોકલવાના રહેશે.

(d) પસંદ કરેલા ગુડ સમરિટન માટે રોડ સેફટી કમિશનરની કચેરી દ્વારા તેમના બેંક ખાતામાં ચુકવણી કરવામાં આવશે અને ગાઈડલાઈન્સમાં જણાવ્યા અનુસાર એનેક્ષર મુજબની માહિતી સંબંધિત પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ અધિકારીશ્રીના સહી સિક્કા સાથે જિલ્લા સ્તરની અપરાઈઝલ કમિટી(DLAC)ને રજૂ કરશે. કમિટી દ્વારા મંજુર કરવામાં આવેલ આ યોજના હેઠળ લાયક ઠરતા ગુડસમરિટનની માહિતી જિલ્લા મેજીસ્ટ્રેટની સહીથી પત્ર દ્વારા ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટીને દર માસની પાંચ તારીખ સુધીમાં મોકલી આપવાની રહેશે.

## 3. રાજ્ય સ્તરીય મોનિટરિંગ કમિટી:

આ યોજના ના યોગ્ય અમલીકરણ અર્થે સચિવશ્રી (ગૃહ)ની અધ્યક્ષતા હેઠળની રાજ્ય સ્તરની દેખરેખ સમિતિના સભ્ય સચિવ તરીકે બંદરો અને વા.વ્ય.વિભાગના વંચાણે લીધેલ (૨)ના ઠરાવથી રોડ સેફ્ટી કમિશનરશ્રી, ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી સભ્ય સચિવ તરીકે છે.

| ક્રમ | અધિકારીશ્રી | કમિટીમાં હોદ્દો |
|---|---|---|
| ૧. | સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત રાજ્ય | અધ્યક્ષશ્રી |
| ૨. | કમિશનરશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય | સભ્યશ્રી |
| 3. | એડી.ડી.જી.પી.(ટ્રાફિક),ગૃહ વિભાગ | સભ્યશ્રી |
| ૪. | કમિશનરશ્રી, ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી | સભ્ય સચિવશ્રી |

- રાજ્ય સ્તરીય મોનિટરીંગ કમિટી યોજનાના યોગ્ય અમલીકરણના મોનિટરીંગ માટે ત્રિમાસિક બેઠકો કરશે.
- રાજ્ય સ્તરની મોનિટરીંગ કમિટી વાર્ષિક ધોરણે રાષ્ટ્રીય સ્તરના પુરસ્કાર માટે ત્રણ સૌથી લાયક ઉમેદવારોનું લિસ્ટ સાથેની દરખાસ્ત MoRTHને વિચારણા માટે 30મી સપ્ટેમ્બર સુધીમાં અથવા દર વર્ષે MoRTH દ્વારા નક્કી કરવામાં આવેલી તારીખે મોકલી આપશે.

## ૪. રાષ્ટ્રીયકક્ષાએ એવોર્ડ :

આ યોજનાની ગાઇડલાઇન્સના પેરા નં. 7.6 મુજબ MoRTHની મૂલ્યાંકન કમિટી દરેક રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ દ્વારા મળેલ દરખાસ્તોની સમિક્ષા કરી દર વર્ષે ૧૦ ગુડ સમરિટનને

રાષ્ટ્રીય સ્તરના એવોર્ડ માટે પસંદ કરશે. તેમને રૂ. ૧.૦૦/- લાખનું ઈનામ, સર્ટિફિકેટ તથા ટ્રોફી એનાયત કરવામાં આવશે.

MoRTH દ્વારા જાહેર કરાયેલ Scheme for grant of Award to the Good Samaritan ગાઇડલાઇન્સના પેરા 5.2 અંતર્ગત માર્ગ અકસ્માતનો ભોગ બનનાર વ્યક્તિ/વ્યક્તિઓને ગુડ સમરીટને સહાયભૂત થઇને હોસ્પિટલ/ટ્રોમા કેર સેન્ટરમાં દાખલ કર્યા બાદ જો અકસ્માતગ્રસ્ત વ્યક્તિ/વ્યક્તિઓ મૃત્યુ પામે તો પણ ઇજાગ્રસ્તને મદદ કરનાર Good Samaritanને વંચાણે લીધેલ (૪)થી સુધારેલ યોજના પ્રમાણે નાણાકીય સહાય એવોર્ડરૂપે મળશે.

ઉક્ત સુચનાઓ સંબંધમા કોઇ મુદ્દાના અર્થઘટન અંગે ભારત સરકાર દ્વારા આ સંબંધમા અપાયેલ વખતો વખતની સુચનાઓની જોગવાઇ આખરી ગણવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.વી.ભટ્ટ)
નાયબ સચિવ
બંદરો અને વાહન વ્યવહાર વિભાગ

**<u>નકલ રવાના:-</u>**

- માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકૂલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(વાહન વ્યવહાર)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકૂલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી(વાહન વ્યવહાર)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકૂલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, રાજ્ય સ્તરની મોનિટરીંગ કમિટી(SLMC) અને સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત રાજ્ય (મારફતે ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી)
- સભ્યશ્રી, રાજ્ય સ્તરની મોનિટરીંગ કમિટી(SLMC)અને કમિશનરશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય (મારફતે ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી)
- સભ્યશ્રી, રાજ્ય સ્તરની મોનિટરીંગ કમિટી(SLMC) અને એડી.ડી.જી.પી. (ટ્રાફિક), ગૃહ વિભાગ, ગુજરાત રાજ્ય (મારફતે ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી)

- વાહન વ્યવહાર કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, બ્લોક નં.ક, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- રોડ સેફ્ટી કમિશનરશ્રી, ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ (મારફતે ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી)
- તમામ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ (મારફતે ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી)
- તમામ જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીશ્રીઓ (મારફતે ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી)
- તમામ પ્રાદેશિક/સહાયક વાહન વ્યવહાર અધિકારીશ્રીઓ (મારફતે ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી)
- સિસ્ટમ મેનેજર, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ ઠરાવની નકલ વેબસાઇટ પર મુકવાની કામગીરી અર્થે
- શાખા સિલેક્ટ ફાઇલ